## સ્માર્ટ વિલેજ યોજનામાં પસંદગી માટે ગ્રામ પંચાયતો વચ્ચે સ્પર્ધા તથા ગ્રાન્ટ ફાળવણીના ધોરણોમાં સુધારો કરવા બાબત

**ગુજરાત સરકાર**

પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : આરબીએન/૧૦૨૦૧૬/૧૨૬૭/લ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૭/ ૦૪ /૨૦૧૮

### પ્રસ્તાવના -

ગ્રામીણ વિકાસની વિવિધ સામૂહિક અને કલ્યાણકારી યોજનાઓના અમલ દ્વારા ગુજરાત રાજ્ય "સ્વરાજ્યથી સુરાજ્ય" તરફ પ્રયાણ કરી રહ્યુ છે. ગ્રામ પંચાયતો આયોજનપૂર્વક વ્યવસ્થિત રીતે સ્વશાસન દ્વારા વધુ વ્યકિતગત વિકાસ તથા સામુહિક વિકાસના કાર્યક્રમોથી પોતાની ફરજો અને જવાબદારીઓ અદા કરે અને પોતાની આકાંક્ષાઓ મુજબ સામાજિક, માનવ, આર્થિક અને વ્યકિતલક્ષી અને સામુહિક વિકાસ કરવા સુયોજીત આયોજન કરી ચોક્કસ લક્ષ અને દીર્ઘદ્રષ્ટીથી કાર્ય કરે અને નાગરિકોની સુવિધામાં વધારો કરવા કટીબદ્ધ બને તે માટે સ્પર્ધાત્મક વાતાવરણ ઉભુ થાય અને અંતત: ગામડાઓ સમૃદ્ધ અને સ્માર્ટ બને ગામડાઓથી શહેર તરફનું પ્રયાણ અટકે તે હેતુથી સ્માર્ટ વિલેજ સ્પર્ધા અને આ સબંધે ગ્રામ પંચાયતો તે ગ્રાન્ટ ફાળવણી કરવાની સ્માર્ટ વિલેજ યોજના રાજય સરકાર ધ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે.

આ યોજનાના તા.૩/૫/૨૦૧૬ ના મૂળ ઠરાવ ક્રમાંક – આરબીઅને/૧૦૨૦૧૬/૧૯૦(૧૦૫૮૬૧)/લ માં પેરા ક્રમાંક- ૪.૨ હેઠળ બનાવવામાં આવેલ રાજયસ્તરની પસંદગી સમીતીની બીજી બેઠક તા.૨૫/૦૪/૨૦૧૭ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ હતી. આ બેઠકમાં માન.મુખ્યમંત્રીશ્રી ધ્વારા પ્રસ્તુત યોજનામાં કરવાપાત્ર સુધારાઓ કરવા માટે સૂચન કરેલ. જેના અનુસંધાને વિ.ક.શ્રીની કચેરી મારફતે આ બેઠકની કાર્યવાહી નોંધની વિગતો મુજબના સુધારાઓ / ફેરફારો કરવા માટેની દરખાસ્ત વિભાગને મોકલી આપેલ છે. સ્માર્ટ વિલેજ યોજનામાં આ સુધારાઓ / ફેરફારો કરવાની બાબત રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ છે.

### સુધારા ઠરાવ-

પુખ્ત વિચારણાના અંતે સ્માર્ટ વિલેજ યોજનાના મૂળ ઠરાવમાં નીચે જણાવ્યા મુજબના ફેરફાર/સુધારાઓ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. હવેથી આ યોજનામાં કરવામાં આવેલ આ ફેરફારો / સુધારાઓ મુજબનો અમલ કરવાનો રહેશે.

પેરા ક્માંક – (૨) – ૨.૧ અને ૨.૨

ગ્રામ પંચાયતના પસંદગીના ધોરણોમાં તા.૬.૨.૨૦૧૭ ના સુધારેલ ઠરાવ પ્રમાણે નકકી કરેલ ન્યુનત્તમ ગુણ ૫૦ નું ધોરણ નકકી કરેલ છે તેવુ ચુસ્તપણે પાલન કરવાનું અને ૫૦ કે તેથી વધુ ગુણ હશે તેવી ગ્રામ પંચાયતની પસંદગી કરવાની અને ન્યુનત્તમ ગુણાંક ધરાવતી ન હોય તેવી ગ્રામ પંચાયતની બિલકુલ કરવાની નથી. આ મુજબની જ કાર્યવાહી કરવાની રહેશે.

સ્માર્ટ વિલેજ યોજનાના મુળ ઠરાવના પેરા નં. ૨.૨- ગ્રામ પંચાયતના પસંદગી ધોરણમાં દરેક તાલુકા માંથી એક ગ્રામ પંચાયત અને વિકાસશીલ તાલુકામાંથી વધુ એક ગ્રામ પંચાયત કરવાનું હાલનું ધોરણ છે. તેના બદલે સમગ્ર રાજયમાંથી હાલમાં મળેલ દરખાસ્તો માંથી મહત્તમ ગુણ ધરાવતી હોય તેવી પ્રથમ ૩૦૦ ગ્રામ પંચાયતો(TOP MOST) ને રાજય સ્તરની પસંદગી સમિતિએ નિર્ણય કરવાનો રહેશે.

પેરા ક્માંક – (૩) ગાંટ ફાળવણી

સ્માર્ટ વિલેજ માટે યોગ્યતા પ્રાપ્ત કરનાર ગ્રામ પંચાયતને જિલ્લા પંચાયત મારફત મહત્તમ ગ્રાન્ટ વસ્તી અને વિસ્તાર આધારે નીચે પ્રમાણે મુળ ઠરાવમાં કરેલ છે.

| વસ્તી | | વિસ્તાર (હેક્ટરમાં) | મહત્તમ મળવા પાત્ર ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| (એ) | ૧૦,૦૦૦ થી ઉપરની વસ્તી વાળા ગામ | ૩૦૦૦ થી ઉપર | ૧૦૦.૦૦ |
| | | ૧૦૦૦ થી ૩૦૦૦ થી ઓછો | ૯૦.૦૦ |
| | | ૧૦૦૦ થી ઓછો | ૮૦.૦૦ |
| (બી) | ૫૦૦૦ થી ૧૦,૦૦૦ સુધી | ૩૦૦૦ થી ઉપર | ૭૫.૦૦ |
| | | ૧૦૦૦ થી ૩૦૦૦ થી ઓછો | ૬૭.૫૦ |
| | | ૧૦૦૦ થી ઓછો | ૬૦.૦૦ |
| (સી) | ૫૦૦૦થી ઓછી વાળા | ૩૦૦૦ થી ઉપર | ૫૦.૦૦ |
| | | ૧૦૦૦ થી ૩૦૦૦ થી ઓછો | ૪૫.૦૦ |
| | | ૧૦૦૦ થી ઓછો | ૪૦.૦૦ |

ગ્રામ પંચાયત ની વસ્તી અને વિસ્તારના ધોરણોની જોગવાઇઓને બદલે હવે ફકત વસ્તીના ધોરણો લઇ મહત્તમ મળવાપાત્ર ગ્રાન્ટ ફાળવવા જણાવેલ જે અનુસાર નીચે પ્રમાણે સુધારાઓ કરવામાં આવે છે.

| વસ્તી | મહત્તમ મળવાપાત્ર ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| (૧)૧૦,૦૦૦ થી વધુ વસ્તીવાળે ગ્રામ પંચાયત | ૧૦૦.૦૦ |
| (૨) ૫૦૦૦ થી ૧૦,૦૦૦ સુધી વસ્તીવાળી ગ્રામ પંચાયત | ૭૫.૦૦ |
| (૩) ૫૦૦૦ થી ઓછી વસ્તીવાળી ગ્રામ પંચાયત | ૫૦.૦૦ |

સ્માર્ટ વિલેજ યોજનામાં પસંદ પામતી ગ્રામ પંચાયતોએ ત્રણ માસમાં માસ્ટર પ્લાન બનાવી સ્માર્ટ વિલેજ યોજનાના સુધારા ઠરાવ થી પેરા ક્રમાંક – ૫ થી નિયત કરેલ ૧૭ ફરજીયાત લક્ષ્યાંક પુર્ણ કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને ત્રણ માસના અંતે ગ્રામ પંચાયતને મળવાપાત્ર ગ્રાન્ટની ૫૦ ટકા હિસ્સાની ગ્રાન્ટ જિલ્લા પંચાયત મારફતે ફાળવણીની રહેશે અને જિલ્લા પંચાયતે વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા સુચવ્યા પ્રમાણેની તમામ ચકાસણી તથા કામોની સમીક્ષા કરી વિકાસ કમિશ્નર કચેરીને અહેવાલ મોકલવાના રહેશે અને અનુમોદન મળ્યા બાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ઉકત મળેલ ૫૦ ટકા ગ્રાન્ટ પસંદ કરેલ ગ્રામ પંચાયતને ફાળવવાની રહેશે.બાકી ની ગ્રાંટની ફાળવણી ફરજીયાત લક્ષ્યાંક પુર્ણ થયા બાદ વાર્ષિક મુલ્યાંકન અને પરફોરમેન્સ ને ધ્યાને લઇને કરવાની રહેશે .

ઉપરોકત પેરાઓમાં જણાવેલ જોગવાઇઓ સિવાય ની આ યોજના ના તા. ૩/૦૫/૨૦૧૬ ના મૂળ ઠરાવ તથા તા. ૦૬/૦૨/૨૦૧૭ ના સુધારા ઠરાવની ની અન્ય તમામ જોગવાઇઓ યથાવથ રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૧/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(મનીષ મોદી)
નાયબ સચિવ
પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન.રા.ક.મંત્રીશ્રી(પં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર .
- માન.મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી / અગ્રસચિવશ્રી / સચિવશ્રી, તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કમિશ્નર વ. સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હીસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત ઠરાવ પંચાયત વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા સારુ
- સિલેક્ટ ફાઇલ.